GJSK050000332011

**રે.દિ.મુ.નં. ૭/૨૦૨૨**

**રેગ્યુલર દિવાની મુકદમા નં– ૭/૨૨ ના કામે આંક– ૫ ની**

**વચ્ચગાળાના મનાઈ હુકમની અરજી લગત હુકમ**

---

વાદી તરફે – વિ.વ.શ્રી – એમ.એસ. બલોસપુરા,
પ્રતિવાદીઓ તરફે – વિ.એ.જી.પી.શ્રી– એન. એન. બારોટ

---

હાલની આ વચ્ચગાળાના મનાઈ હુકમની અરજીમાં વાદી પક્ષે રજુઆત છે કે,

(૧) વાદી ઉપરોકત જણાવેલ સરનામે રહી અને ખેતમજુરી કરી અમારૂ તથા અમારા કુટુંબનુ ગુજરાન કરીએ છીએ. મજુરીની અપેક્ષાએ મોજે ધોલવણીની સીમના સર્વે નં– ૮ (જુનો સર્વે નં– ૯ પૈકી ૧૪ ) ના ક્ષેત્રફળ ૬–૦૭–૦૫ હે.આ.ઓ.મી. જમીન આવેલી છે. જેમાંથી આશરે ૪ એકર જેટલી જમીન કે જેની વિગત નીચે દર્શાવેલ છે તેમાં ખેતી કરી એક માત્ર ખેતીની ઉપજ ઉપર અમો તથા અમારા કુટુંબ નિર્ભર છે. આ જણાવેલ જમીનમાંથી આશરે ૪ એકર જેટલી જમીન અમો વાદીની આવેલી છે. આ વાદગ્રસ્ત જમીનમાં ૧૯૭૦ પહેલાથી અમો વાદીઓ કબજો ભોગવટો ધરાવીએ છીએ અને ખેતી કરી અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. જેમાં ચાલુ સાલ ` ઘઉનુ વાવેતર કરવામાં આવેલ છે. જેમાં આ જમીનમાં પશ્ચીમ તરફ એક છાપરાવાળુ કાચુ મકાન પણ બનાવેલ અને આ જમીનમા ૨૩ મહુડાના ઝાડ

અને અન્ય છુટક ઝાડ ઉછેરેલા છે . અમો વાદીની જમીનમા પહેલા કુવેથી સિંચાઈ કરતા હતા ત્યારબાદ બોર બનાવેલ અને હાલમા અમારી જમીન પીયત કરવા માટે અમો પાણી લઈએ છીએ. અમો વાદી વીજ કનેકશનના બીલોની ભરપાઈ પણ અમો કરીએ છીએ.

અમો વાદીની ખેતીની જમીનમાં અમો વાદીનો કબજો ભોગવટો અને વાવેતર ઘણા વર્ષોથી કરીએ છીએ. ચાલુ સાલે આ જમીનમાં ઘઉંનુ વાવેતર કરેલુ છે. આ જમીનનુ પાણી પત્રક સને ૧૯૭૬ થી અમારા નામનો થતો આવેલ છે અને થાય છે. આ દાવાવાળી જમીનની અમારી કાયદેસરની માંગણી હોવાંછતાં આ કામના પ્રતિવાદી નં– ૫ એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ ઘોલવણી માટે પ્રતિ. નં– ૪ નાએ પ્રતિ નં– ૧ ની કચેરીમાં અમારી જાણ બહાર અને સ્થળ ઉપર અમારો લાંબા સમયનો કબજો ભોગવટો હોવા છતાં ખોટી રીતે માંગણી કરતા તેમજ સદર જમીનમાં અમો વાદીનો કબજો ભોગવટો અને વાવેતર ઘણા વર્ષોથી કરતા હોવા છતાં અમારો કબજો પડાવવાના બદઈરાદે ખોટી રીતે માંગણી કરી પ્રતિ નં– ૪ નાએ પ્રતિ નં– ૫ ની સ્કુલ માટે પ્રતિ નં– ૧ ની કચેરીમાં તા. ૨/૦૭/૧૯ ના રોજ આ જમીનની માંગણી કરી અને તેની પ્રતિ નં– ૧ ના એ અમોનો લાંબા સમયનો કબજો ભોગવટો હોવાછતાં ઉપર જણાવેલ હીકકતે અમો દાવવાળી જમીનોનો ૧૯૭૦ પહેલાથી આજદિન સુધી અમારો કબજો ભોગવટો ધરાવતા હોઈ જે પ્રતિવાદીની જાણમાં હોઈ એડવર્સ પઝેશનથી આ જમીનના અમો કાયદેસરના માલીક થયેલ હોવા છતાં અને સ્થળ તપાસ કર્યા વિના અમારુ વાવેતર હોવાછતાં અમારા કબજા ભોગવટાને ધ્યાને લીધા વિના બિનઅધીકૃત તથા ખોટી રીતે તેમજ લાંબા સમયથી અમારી માંગણી હોવાછતાં પ્રતિ નં– ૧ નાએ આ જમીન પ્રતિ નં– ૫ ના નામે કરવા માટેનો તા. ૨/૯/૨૧ નો હુકમ તદન ખોટો અને ગેરકાયદેસરનો હુકમ કરેલ છે. જે હુકમની જાણ થતા અમો

વાદીએ સદરહું હુકમ વિરૂઘ્ધ અગ્ર સચીવશ્રી મહેસુલ વિભાગ, સોલા અદવાવાદમાં જરૂરી રીવીઝન દાખલ કરેલ છે. આમ, જણાવી વાદીએ હાલના વચગાળાના તબકકે આ અરજી ઘ્વારા દાદ માંગેલ છે કે,

*(અ) મોજે ધોલવણીના સીમના સર્વે નં– ૮ ( જુનો સર્વે નં– ૯ પૈકી ૧૪ ) ના ક્ષેત્રફળ ૬– ૦૭–૦૫ હે.આ.ચો.મી. જમીન પૈકીની આશરે ૪ એકર જેટલી ખેતીની જમીન કે જેમાં અમારુ મકાન, છાપુરુ અને ઝાડો આવેલ છે અને જેની વિગતવાર હદ મરજાદ દવા અરજીના પેરા નં– ૩ માં જણાવેલ છે તે હદ, ખુંટ ચાર વચ્ચેની દાવાવાળી ખેતીની જમીનમાં પ્રતિવાદીઓ કે તેમના નોકરો, અધિકારીઓ, કર્મચારોઓ, માણસો, એજન્ટો પ્રવેશ કરે કરાવે નહી કે દાવાવાળી ખેતીની જીમનમાં અમો વાદીને ખેતી કરતા વાવેતર કરતા કે ઉપજ લેતા કોઈ હરકત હેલો થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી કે દાવાવાળી ખેતીની જીમનનો અમારો કબજો અમારો પડાવી લે લેવડાવે નહી કે દાવાવાળી ખેતીની જમીનમાં આવેલ મકાન છાપરાને નુકશાન કરે કરાવે નહી કે દાવાવાળી ખેતીની જમીનના અમારા કબજા ભોગવટામાં કોઈ હરકત હેલો થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહી કે દાવાવાળી ખેતીની જમીનમાં આવેલા અમારા ઝાડો કાપે કપાવે નહી તેવો અમો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂઘ્ધનુ આ દાવો ચાલતા દરમ્યાનનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવા મે. કરશોજી.*

*(બ) આ અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા મે. કરશોજી.*

*(ક) આપ નામ. કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી દાદ અપાવશોજી.*

(૨) આ કામે દાવો દાખલ થયા બાદ પ્રતિવાદી પક્ષને સમન્સ/નોટીસ ઈશ્યુ કરતા જે બજી જતા, આ કામે પ્રતિવાદીઓએ આંક–૧૧ થી દાવાનો તથા હાલની વચગાળાની મનાઈ હુકમની અરજીનો સંયુકત જવાબ રજુ રાખેલ છે. જેમા પ્રતિવાદીઓએ મુખ્યત્વે આ અરજીની હકીકતોનો ઈન્કારીયતમાં જવાબ આપેલ છે અને જણાવેલ છે કે, સત્ય હકીકત એવી છે કે, વાદી આ સિવાય મોજે ધોલવણી તા. વિજયનગરના રી.સ.નં– ૬૧ ની ૨–૫૦– ૦૭ હે.આ.ચો.મી. ની ખેતીલાયક માલીકીની જમીન ધરાવતા હોય તેમજ ખેતીની જમની ના ધરાવતા હોવાની રજુઆત ગ્રહય રાખવાપાત્ર નથી તેમજ સને ૧૯૭૦ થી ૨૦૦૪ સુધી તેમના

નામે પાણી પત્રક થયેલ હોવાની રજુઆત પણ આધાર પુરાવા વિનાની અને તદન ખોટી છે. વિવાદી જમીન ધરાવતા હોવા અંગેના પુરાવા આ સાથે સામેલ છે. વાદીશ્રીને સને ૧૯૭૬ થી તેઓના નામ પાણીપત્રકે નોંધાયેલ હોવાની રજુઆત તદન ખોટી છે. વાદીશ્રીને કાયદેસર રીતે જમીન મેળવવા અરજી કરેલ હોય અને જમીન તેઓને ગ્રાન્ટ કરેલ હોય તેવી કોઈ હકીકતો રેકર્ડ પર નથી. વાદગ્રસ્ત જમની સક્ષમ અધિકારીશ્રી દવારા ગામલોકોએ શિક્ષણના ઉમદા હેતુ માટે સામાવાળા નં– ૫ ને ફાળવવામાં આવે તો ગામ લોકોએ વાદીનો કબજો દુર કરાવવાખ તા. ૨૭/૮/૨૦૨૦ ના રોજ કરેલ પંચનામામાં લખાવેલ હોય તે આધારે સક્ષમ અધિકારીશ્રી દવારા વાદગ્રસ્ત જમીન સામાવાળા નં– ૫ ને શિક્ષણના ઉમદા હેતુ માટે ગ્રાન્ટ કરેલ છે. જેમાં સામાવાળાઓનો કોઈ મેલાફાઈડ ઈરાદો ના હોય વાદી દવારા કરવામાં આવેલ આક્ષેપ તદન પાયા વિહોણા છે. મે. કલ ેટરશ્રીના જમીન ગ્રાન્ટ કરાવાના તા. ૨/૦૯/૨૦૨૧ ના હુકમ સામે વાદીશ્રીએ અપીલ સચીવશ્રી મહેસુલ વિભાગ (વ) અમદાવાદ ખાતે કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તેમાં કોઈ મનાઈ હુકમ આપેલ ન હોય કલ ે.શ્રી દવારા કરવામાં આવેલ હુકમ કાયદેસરનો જણાય છે. વાદીશ્રી અન્ય ખેતીલાયક જમીન ધરાવતા હોય તેમની આજીવીકા છીનવાઈ જવાની હકીકત પણ તદન ખોટી હોય તેઓને આર્થીક રીતે કે અન્ય રીતે કે અન્ય કોઈ પણ રીતે નુકશાન જતુ હોવાની રજુઆત ખોટી હોય મનાઈ હુકમ મેળવવાની માંગણી નાંજુર કરવાપાત્ર છે. વાદગ્રસ્ત જમીન ઉપર સામાવાળાઓનો લાંબા સમયથી કબજો ભોગવટો અને વાવેતર હોવાની રજુઆતો તદન પાયાવિહોણી હોય મે. કલે. શ્રી દારા તા. ૨/૦૯/ ૨૦૨૧ ના રોજ કરેલ હુકમ કાયદેસરનો અને જાહેર હિત માટે કરેલ હોય તેમજ વાદીનો કબજો પડાવી લીધેલ હોવાનુ કયાંય સાબીત થતુ ના

હોય વાદીએ દાવો ઉપસ્થીત કરવા જણાવેલ કારણ તેમના નીજી સ્વાર્થ માટેનુ હોય દાવા અરજી રદ કરવાપાત્ર છે.

વાદગ્રસ્ત જમીનમાં વાદી દવારા કોઈ પણ પ્રકારનુ પાકુ બાંધકામ કરવામાં આવેલ નથી. જમીન ઉપર જે કાચુ છાપરુ અને પાણીની ટાંકી બનાવેલ છે તે ઉતર આશ્રમ બુનીયાદી શાળા દવારા બનાવવામાં આવેલ હોવાનુ પાના નં. ૧૦૧ ઉપર સામેલ પંચનામુ નિગાહે લેતા જણાય આવે છે. વાદગ્રસ્ત પંચનામુ થયાના વર્ષે જ આ કામના વાદીએ વાદગ્રસ્ત જમીન ઉપર વાવેતર કરેલ હોવાનુ રેકર્ડ સામેલ પંચનામા આધારે જણાય આવે છે. વાદી દવારા તા. ૨૭/૦૮/૨૦૨૦ ના જવાબથી જમીનમાં અગાઉના વર્ષોએ ઉતર બુનીયાદી આશ્રમશાળા ધોલવણી પાસે ઉઘડ (ભાગે) લઈ ઉપજનો અડધો ભાગ સંસ્થાને આપવાની શરતે તેઓ વાવેતર કરતા હતા પરંતુ ચાલુ વર્ષે સંસ્થાએ જમીન ખુલ્લી રાખતા અમોએ સ્વતંત્ર રીતે સોયાબીનનુ વાવેતર કરેલ છે. જે દબાણ બદલ ઉપજ દંડ થાય તે વસુલી કાયદેસરની કાર્યવાહી કરવા કબુલ કરેલ છે. (જેની નકલ દસ્તાવેજી પુરાવામાં સામેલ છે)

સદર સવાલવાળી જમીન એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલને આદિજાતીના ૪૮૦ બાળકોના શિક્ષણ હેતુ માટે ઉપયોગ કરવાનો છે. વધુમાં તા. ૨૭/૦૮/૨૦૨૦ ના પંચનામા મુજબ સવાલવાળી જમીનમાં ઉતરબુનીયાદી આશ્રમશાળા ધોલવણીનુ દબાણ હતુ. જે દબાણ ગામલોકોએ મળી ખુલ્લુ કરાવવાનુ તથા સદર જમીન શિક્ષણના ઉમદા હેતુ માટે ફાળવવા ગામલોકોએ વિનંતી કરેલ છે આમ એકલવ્ય મોડેલ સ્કુલમાં ૪૮૦ આદીજાતી બાળકો અભ્યાસ કરવાના હોય સમગ્ર વિસ્તારમાં શિક્ષણ ઉમદા કાય હોય અરજદાર દવારા તા. ૨૭/૦૮/૨૦ ના રોજ સર્કલ ઓફીસર આંતરસુબા રૂબરૂ જવાબમાં ઉઘેડ જમીન વાવતા હોવાનુ જણાવેલ હોય ભારતીય પુરાવા

અધિનીયમ અન્વયે તેઓની સ્વ:કબુલાત હોય પુરાવો માન્ય રાખવાપાત્ર ગણાય. જેથી વાદીની કબજા ભોગવટા અંગેની હકીકત ખોટી હોય વાદીની દાદ ગ્રાહય રાખવાપાત્ર નથી. વાદની રજુઆત ખોટી હોય, દાવો તથા મનાઈ અરજી નામંજુર કરવા વિનંતી છે. વાદીઓ ઈરાદો મેલાફાઈડ હોય તેમજ સરકારશ્રીની બાળકોના અભ્યાસ અર્થે એકલવ્ય સ્કુલવાળી જમીન પડાવી લેવાની અને તેમાંથી ગેરકાયદેસર લાભ લેવાનો અને સરકારશ્રીના સમગ્ર વિસ્તારમાં શિક્ષણનુ ઉમદા કામગીરી કરતા અટકાવવાની તેમજી સરકારી અને જનહીતની કામગીરી અટકાવવાનો અને જમીનમાં ચેનકેન પ્રકારે આવુ ખોટુ હીત ઉભુ કરી કાયદાનો ગેરલાભ લઈ જમીન પડાવી લેવાના એવા વિવિધ ઈરાદાઓથી આ દાવો તથા મનાઈ અરજી કરેલી હોય સરકારશ્રીને ખર્ચના ખાડામાં ઉતારેલ હોય નામ. કોર્ટનો કિંમતી સમય ખોટી અરજીઓ કરી બગાડતા હોય વાદીના દાવા તથા મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા મહેરબાની કરશોજી.

(૩) આ કામે પક્ષકારોએ નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

**<u>વાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>**

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | આંક/ નિશાની | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧. | ૪/૧ | મોજે ધોલવણી ગામની સીમના રેવન્યુ રેકર્ડના ગામ નમુનો નં– ૮ (અ) ની નકલ |
| ૨. | ૪/૨ | મોજે ધોલવણી ગામની સીમના રેવન્યુ રેકર્ડના ગામ નમુનો નં– ૭ ની નકલ |
| ૩. | ૪/૩ | મોજે ધોલવણી ગામની સીમના રેવન્યુ રેકર્ડના ગામ નમુનો નં– ૧૨ ની નકલ |
| ૪. | ૪/૪ | મે. અગ્ર સચીવ મહેસુલ વિભાગ (વિવાદ) ની રીવીજન અરજીની નકલ |
| ૫. | ૪/૫ | મોજે ધોલવણી ગામની સીમના રેવન્યુ રેકર્ડના ગામ નમુનો નં– ૭ |

| | | |
|---|---|---|
| | | અને ૧૨ |
| ૬. | ૨૩/૩ | વાદગ્રસ્ત જગ્યાનુ કોર્ટ કમિશ્નર દ્વારા કરવામા આવેલ પંચનામુ. |
| ૭. | ૨૩/૪ | વાદગ્રસ્ત જગ્યાનુ કોર્ટ કમિશ્નર દ્વારા તૈયાર કરવામા આવેલ નકશો. |

## <u>પ્રતિવાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>

### દસ્તાવેજી પુરાવો

| અ.નં. | આંક/ નિશાની | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧. | ૧૨/૧ | નં જમીન– ૩/વશી/૧૩૮૩/૨૦૨૧ કલેકટર સાબરકાંઠા હિમતનગરનો પત્રની ખરી નકલ(કુલ પાના – ૨ ) |
| ૨. | ૧૨/૨ | ક્રમાંક જમન/૧૧૨૦/૧૩૫૮/અ.૧ મહેસુલ વિભાગ સચિવાલય ગાંધીનગરના પત્રની ખરી નકલ |
| ૩. | ૧૨/૩ | નં. એમએજી/જમીન/વશી/૨૩/૨૦૨૧, ૧૫ એકર જમીન એકલવ્ય રેસીડન્સીચલ મોડેલ સ્કુલને બાંધકામ માટે જમીન ફાળવવાવ બાબતના પત્રની ખરી નકલ. |
| ૪. | ૧૨/૪ | નં.જમીન/વશી/૨૨૫૬/૨૦૨૦, ૧૫ એકર જમીન એકલવ્ય મોડેલ રેસીડન્સીચલ સ્કુલને બાંધકામ માટે જમીન ફાળવવા બાબતના પત્રની ખરી નકલ. |
| ૫. | ૧૨/૫ | નં. એમએજી/જમીન/વશી/૧૨૫૫/૨૦૨૦, ૧૫ એકર જમીન એકલવ્ય રેસીડન્સીચલ મોડેલ સ્કુલને બાંધકામ માટે જમીન ફાળવવાવ બાબતના પત્રની ખરી નકલ. |
| ૬. | ૧૨/૬ | નં.જમીન/વશી/૯૪૦/૨૦૨૦, ૧૫ એકર જમીન એકલવ્ય મોડેલ રેસીડન્સીચલ સ્કુલને બાંધકામ માટે જમીન ફાળવવા બાબતના પત્રની ખરી નકલ. |
| ૭. | ૧૨/૭ | સરકારી ખાતા/કચેરી માટે સરકારી જમીન વર્ગ ફેર કરવા અંગેની માંગણીની અરજી તે સાથેના પુરાવા તથા ચેકલીસ્ટની ખરી નકલ. |
| ૮. | ૧૨/૮ | સરકારી ખાતા/ કચેરીઓની સરકારી જમીન વર્ગ ફેર કરવા અંગેની અરજી ચકાસવાનુ ચેકલીસ્ટની ખરી નકલ. |
| ૯. | ૧૨/૯ | ગામ નમુનો નં. ૮/અ ની નકલ ખાતા નં. ૧૭૦. |
| ૧૦ | ૧૨/૧૦ | ગામ નમુનો નં. ૭ અને ૧૨ અને ૮ અ ની નકલ ખાતા નં.૧૧૧ અને ૧૧૨. |
| ૧૧. | ૧૨/૧૧ | ગામ નમુનો નં. ૭ અને ૧૨ ની નકલ સ.નં. ૨૯ પૈકી |

| | | |
|---|---|---|
| ૧૨ | ૧૨/૧૨ | ગામ નમુનો નં. ૭ ની નકલ સ.નં. ૯ પૈકી ૧૪. |
| ૧૩. | ૧૨/૧૩ | ગામ નમુનો નં. ૭ ની નકલ સ.નં. ૪ પૈકી ૩૦. |
| ૧૪. | ૧૨/૧૪ | ગામ નમુનો નં. ૭ ની નકલ સ.નં. ૯ પૈકી ૧૨. |
| ૧૫. | ૧૨/૧૫ | ગામ નમુનો નં. ૬ ની હક પત્રકની ખરી નકલ. |
| ૧૬. | ૧૨/૧૬ | ગામ નમુનો નં. ૬ ની હક પત્રકની ખરી નકલ. |
| ૧૭. | ૧૨/૧૭ | પંચનામાની નકલ. |
| ૧૮. | ૧૨/૧૮ | ડી.ઈ.લે.રે.હિંમતનગરના ૧૫ એકર જમીન એકલવ્ય મોડેલ રેસીડન્સીયલ સ્કુલને બાંધકામ માટે જમીન ફાળવવા બાબતના પત્રની નકલ. |
| ૧૯. | ૧૨/૧૯ | મોજે ધોલવણી તા. વિજયનગર, જી. સાબકાંઠાની સીમન સ.નં. ૮ મા એકલવ્ય મોડેલ સ્કુલમા ફાળવવા થતી સુચીત જમીનની માં પણી શીટની નકલ. |
| ૨૦. | ૧૨/૨૦ | સ્થળ ચકાસણી કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૧ | ૧૨/૨૧ | રાજાભાઈ હરજીભાઈ પાંડોર ટ્રસ્ટી આદીવાસી સેવા સમીતી શામળાજીનાઓનો રૂબરૂ જવાબની ખરી નકલ. |
| ૨૨. | ૧૨/૨૨ | નં.જમીન/દબાણ કેસ નં. ૪/૨૦૨૦ |
| ૨૩. | ૧૨/૨૩ | દબાણદાર અસોડા બચુભાઈ હરજીભાઈની કબજા |
| ૨૪ | ૧૨/૨૪ | રોજકામીની ખરી નકલ. |

ઉપરોકત બંને પક્ષે પુરાવો રજુ થયા બાદ વાદી પક્ષે આંક–૨૪ થી વિગતવારની લેખીત દલીલો રજુ છે, જેમાં વાદી પક્ષની મુખ્ય રજુઆત છે કે, વાદીપક્ષનો દાવામા જણાવેલ સર્વે નંબર વાળી જમીન ૧૯૭૦ પહેલાના સમયથી વાદી પક્ષના કબજામાં છે, આ સિવાય વાદી પક્ષ પાસે અન્ય કોઈ જમીન નથી. વાદી પક્ષનો આટલા સમયનો કબજો હોવા છતા અને આ હકીકત પ્રતિવાદી પક્ષની જાણમાં હોવા છતા તેમજ દાવાવાળી જમીન બાબતે વાદી પક્ષની કાયદેસરની માંગણી હોવા છતા પ્રતિવાદી નં.૪ના પ્રતિવાદી નં.૧ની કચેરીએ પ્ર તિવાદી નં.૫ ને સ્કુલ બનાવવા માટે ફાળવી દેવાનો હુકમ કરાવેલ છે. આમ વાદગ્રસ્ત જમીન ઉપર વાદી પક્ષનુ વાવેતર છે તેમજ વાદીએ ઝાડવાઓ ઉછેરેલ

છે તેને પ્રતિવાદી પક્ષ ધ્વારા તેઓની જાણમાં હોવા છતા જાણીજોઈને હેરાન કરવા માટે પ્રતિવાદીઓનુ આ સંયુકત કૃત્ય છે. જો દાવો ચાલતા સુધી વચગાળાનો મનાઈ હુકમ વાદીપક્ષના તરફેણમા આપવામા ન આવે તો વાદીપક્ષને નાંણામા ન આંકી શકાય તેવુ નુકશાન થાય તેમ છે તેમજ વાદીપક્ષનો પ્રથમ દર્શનિય કેસ છે અને સગવડતા અગવડતા વાદીની તરફેણમા છે જેથી વાદીપક્ષની હાલની વચગાળાની અરજી મંજુર કરવા વિનંતી છે.

જયારે પ્રતિવાદી પક્ષે મૌખિક રીતે મુખ્ય રજુઆત છે કે, સદર દાવાવાળી જમીન કયારેય વાદીની હતી જ નહી. ખરેખર, દાવાવાળી જમીન સરકારશ્રીની માલિકીની હોઈ સદર જમીનમાં પ્રથમ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ધોલવાણીનુ દબાણ હતુ જે દબાણ દૂર થતા વાદી પક્ષે ગેરકાયદેસર દબાણનો પ્ર યત્ન કરવામાં આવેલ છે. હાલ સદર જમીન ઉપર કેન્દ્ર સરકારની યોજના મુજબ આદિજાતિના બાળકોના શિક્ષણ માટે એકલવ્ય મોડેલ સ્કુલ બનાવવા કાર્યવાહી થઈ રહેલ છે. જે તમામ કાર્યવાહી જે તે ગામના લોકોની સહમતીથી અને સમાજના વિકાસ માટે અને આદિજાતિના બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે થઈ રહેલ હોઈ વાદીપક્ષ ખોટી હકીકતો જણાવી ખોટુ હિત ઉભુ કરી જમીન પડાવી લેવા માટે પ્ર યત્ન કરી રહેલ છે. વાદી પક્ષનો પ્રથમ દર્શનીય કેસ નથી. જો આંક–૫ નામંજૂર કરવામાં આવે તો વાદી પક્ષને કોઈ નુકસાન નથી કારણકે  દાવાવાળી જમીન વાદી પક્ષની માલિકીની નથી કે તેમના કબજા ભોગવટામાં નથી અને જો મંજૂર કરવામાં આવે તો આદિજાતિના બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે સરકારશ્રી ધ્વારા જે પ્રયત્ન થઈ રહેલ છે તેને અવરોધ થાય તેમ છે. આમ સગવડતા–અગવડતા વાદીની તરફેણમાં નથી ઉલ્ટાનુ પ્રતિવાદીની તરફેણમાં છે. વાદી પક્ષને નાણાંમાં ન આંકી શકાય તેવા નુકસાન જવાની કોઈ શકયતા નથી. આમ,

વાદીપક્ષની હાલની વચગાળાના મનાઈ હુકમની અરજી ના–મંજુર કરી પ્રતિવાદીઓની તરફેણમાં હુકમ કરવા વિનંતી છે.

**(૪)** ઉપરોકત હકીકતે આ અરજીનો નિર્ણય કરવા અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા અગવડતા વાદીઓની તરફેણમા છે ?

(૩) શું વાદીઓને નાંણામા ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમા

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**ઉપરોકત મુદદાઓના નિર્ણયોના કારણોની ચર્ચા નીચે મુજબ છે.**

**મુદદા નં.૧,૨ તથા ૩ એક બીજાને સંલગ્ન હોઈ તેઓની ચર્ચા એક સાથે કરવામા આવે છે.:–**

**(૬)** હાલનો દાવો અને આંક–પ ની વચગાળાના મનાઈ હુકમની અરજી વાદીપક્ષ લાવેલ છે એટલે વચગાળાના મનાઈ હુકમની અરજી સંર્દભે વાદીપક્ષે સૌપ્રથમ પોતાના પગે ઉભા રહી પ્રથમ દર્શનીય કેસ સાબિત કરવાનો રહે છે. જે સંદર્ભે જણાવવાનુ કે વાદી પક્ષે પોતાની આંક–પ ની અરજીમાં અને દાવા

અરજીમાં સ્પષ્ટપણે એવુ જણાવેલ છે કે દાવાવાળી જમીનનો તેઓ ૧૯૭૦ પહેલાથી કબજો ધરાવતા હોવાથી તેઓ એડવર્સ પઝેશનથી સદર જમીનના માલિક થયેલ છે, આ સંદર્ભે જણાવવાનુ કે વાદી પક્ષ ગર્ભિત રીતે એવુ સ્વીકારે છે કે તેઓ સદર દાવાવાળી જમીનના માલિક નથી. વિશેષમાં આ કામે વાદી પક્ષે રજૂ દસ્તાવેજોનો અભ્યાસ કરવામાં આવે તો નિ.૪/૧ થી નિ.૪/૩ સુધીના દાવાવાળી જમીનના રેવેન્યુ રેકર્ડમાં માલિક અને કબજેદાર તરીકે શ્રી સરકાર જણાઈ આવે છે. નિશાની ૪/૪ તે વાદી પક્ષે મહે. અગ્ર સચિવશ્રી સમક્ષ કરેલ રીવિઝન અરજીની નકલ છે જેની ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. નિ.૪/૫ થી રજૂ દાવાવાળી જમીનના જૂના રેવેન્યુ રેકર્ડ વંચાણે લેતા જેમાં નમૂના નં.૧૨ માં સને ૧૯૭૭ થી– ''વગર મંજૂરીથી અસોડા હરજી દીતા'' એવુ લખેલુ જણાઈ આવે છે. આમ સને ૧૯૭૭ થી વાદીનુ નામ વગર મં જૂરીએ લખાયેલુ છે એટલે કે તેઓએ કોઈ કાયદેસરની પ્રક્રિયા અનુસરેલ નથી.

(૭) વિશેષમાં વાદીપક્ષે એવી રજૂઆત છે કે તેઓ સદર જમીનના કબજામાં સન ૧૯૭૦ પહેલાથી છે અને વાદી જ એવુ જણાવે છે કે સદર જમીનના પાણી પત્રકમાં સને–૧૯૭૬થી તેમનુ નામ દાખલ થયેલ છે. આમ વાદી પક્ષની સદર જમીનના કબજામાં, પ્રતિવાદીની જાણ સાથે, સને–૧૯૭૦ પહેલાથી હોવાની હકીકત બાબતે અસ્પષ્ટતા જણાય છે. સદર જમીનના પાણી પત્રકમાં સને–૧૯૭૬ થી તેમનુ નામ દાખલ થયેલ હોઈ તે હકીકતને દસ્તાવેજી પુરાવાથી પ્રથમ દર્શનીય સમર્થન મળતુ નથી. વધુમાં કોઈપણ મિલ્કતના એડવર્સ પઝેશનમાં સામા પક્ષકારની જાણ સાથે હોવાની હકીકત પુરાવો લીધા સિવાય વચગાળાના તબકકે નિર્ણિત કરવી તે ન્યાયની દૃષ્ટિએ જોખમકારક સાબિત થઈ શકે છે, જેથી જે હકીકત પુરાવો લીધા બાદ નિર્ણિત થાય તે જ વ્યાજબી છે.

આ કામે વાદીઓ ગુજરનાર અસોડા હરજી દીતાજીના કાયદેસરના વારસો તરીકે દાવો લાવેલ છે અને ઉપર ચર્ચા કર્યા મુજબ નિ.૪/૫ થી રજૂ દાવાવાળી જમીનના જૂના રેવેન્યુ રેકર્ડ વંચાણે લેતા જેમાં નમૂના નં.૧૨ માં સને ૧૯૭૭ થી– ''વગર મંજૂરીથી અસોડા હરજી દીતા'' એવુ લખેલુ જણાઈ આવે છે. આમ, હરજી દીતાજી મરણ પામેલ હોય તે દર્શાવતો તેમનો મરણનો દાખલો કે કોઈ આધાર આ કામે વાદીપક્ષે રજુ નથી તેમજ આ કામના વાદીઓ ગુજરનાર અસોડા હરજી દીતાજીના સીધી લીટીના વારસદારો હોઈ તે દર્શાવતો કોઈ સક્ષમ સત્તાધિકારીનુ પેઢીનામુ કે વારસાઈ આંબો રજુ નથી.

(૮) પ્રતિવાદી પક્ષે રજૂ દસ્તાવેજોનો અભ્યાસ કરતા સદર જમીન શ્રી સરકારની માલિકીની હોઈ તેમજ નિયમ મુજબ સદર જમીન આદિજાતિના બાળકોના અભ્યાસ માટે ફાળવવામાં આવેલ છે. પ્રતિવાદી પક્ષે નિ.૧૨/૨૦ થી રજૂ પંચનામુ તેમજ નિ.૧૨/૨૩ થી રજૂ કબજા પાવતી વંચાણે લેતા પ્રથમ દર્શનીય એવુ જણાય છે કે વાદીઓએ દાવાવાળી જમીન ઉપર ગેરકાયદેસર દબાણ કરેલ છે. નિ.૧૨/૨૨ વાળો હુકમ વંચાણે લેતા વાદી પક્ષની રજૂઆતો ઉપર શંકાઓ ઉત્પન્ન થાય છે.

(૯) આ કામે વાદી પક્ષે આંક–૧૩ થી અરજી રજૂ કરી પ્રતિવાદી નં.૫ એટલે કે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલને પક્ષકાર તરીકે ડિલીટ કરવાની અરજ થતા તે અન્વયે હુકમ કરી આ કામે પ્રતિવાદી નં.૫ ને આ કામે પક્ષકાર તરીકે ડિલીટ કરવામાં આવેલ છે જેથી જે બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

(૧૦) આ કામે ચાલુ દાવે કોર્ટ કમિશ્નર ધ્વારા વાદગ્રસ્ત જમીનનુ પંચનામુ અને રોજકામ કરવામાં આવેલ છે. જે આ કામે નિશાની–૨૩/૩ અને નિ.૨૩/૪ થી રજૂ છે. જે મુજબ વાદગ્રસ્ત જગ્યાએ દક્ષીણ સાઈડેથી ઉત્તર દીશા તરફ ત્રણ મહુડાના મોટા ઝાડ આવેલા છે તથા આ ઝાડની ઉત્તર દીશા તરફ એક

ઓરડી તેમજ પાકો કુવો અને આ કુવાની પશ્ચીમ દીશાએ વીજ કંપનીનો એક થાંભલો આવેલ છે. કુવાની પશ્ચીમ બાજુ વીજ થાંભલા અને બોર આવેલ છે. જે પંચોને પુછતા પંચો જણાવે છે કે, આ બોર, કુવો તેમજ ઓરડી ઉત્તર બુનીયાદી આશ્રમ શાળા, ધોલવણીની માલીકીનો છે તથા આ કુવાની સાઈડમા પંચોને પુછતા આ કુવામા કોઈ વીજ કનેકશન ધરાવો છો અને તે કોની માલીકીનો છે તો પંચોએ જણાવેલ ઉત્તર બુનીયાદી આશ્રમ શાળા ધોલવણીનો છે તેમજ ભાંભુળી વસાહત તરફ જતા પાકા રોડની દક્ષીણ દીશા તરફ અને કુવા તેમજ બોરની આજુબાજુ ઘઉનુ વાવેતર કરેલાનુ ખેતર જણાઈ આવે છે જે પંચોને પુછતા પંચોએ જણાવેલ અસોડા બચુભાઈ હરજીભાઈએ વાવેલ છે. આ તમામ હકીકતો જો કે પુરાવાના સમર્થન વગર સંપૂર્ણ માની શકાય નહી, પરંતુ તેમનુ પ્રથમ દર્શનીય મુલ્યાંકન કરતા આ હકીકતો વાદીપક્ષને પ્રથમ દર્શનીય રીતે સમર્થન કરતી નથી.

**(૧૧)** આ કામે વાદીપક્ષની રજુઆત મુજબ તેઓએ વાદગ્રસ્ત જમીનમા જમીન પિયત કરાવવા બાબતે વીજ કનેકશનના બીલો ભરપાઈ કરેલ છે, પરંતુ આવા કોઈ ભરપાઈ થયેલા બીલો આ કામે રેકર્ડ ઉપર રજુ નથી.

**(૧૨)** આમ ઉપરોકત તમામ હકીકતો, દસ્તાવેજો અને રજૂઆતોએ વાદીપક્ષનો પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતો નથી તેમજ સગવડતા અગવડતા વાદીપક્ષની તરફેણમાં નથી તેમજ વચગાળાના તબકકે વાદીપક્ષને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થાય તેમ જણાઈ આવતુ નથી. સબબ ઉપરોકત મુદ્દાઓના જવાબ નકારમાં આપી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના વાદીઓની હાલની આ આંક–૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી આથી **ના–મંજુર** કરવામાં આવે છે.

આમ આ કામે આંક–૫ની અરજી નામંજૂર થતી હોઈ આ કામે આંક–૫ ની અરજીને સંલગ્ન પેન્ડીંગ આંક–૧૫ ની અરજી પણ ફેંસલ કરવામાં આવે છે. જે બદલ તે અરજી હેઠળ નોંધ કરવી.

આ કામે આ આંકની અરજી ફેંસલ થતા સુધીના સમય દરમ્યાન જો અન્ય કોઈ વચગાળાનો હુકમ આ કોર્ટ ધ્વારા ફરમાવવામાં આવેલ હોય તો તે હુકમ આથી ઉઠાવી લેવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

આ હુકમ આજ તા.૨૧મી, માહે–જુલાઈ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૧/૦૭/૨૦૨૩
મુ.ખેડબ્રહમા

**( કે.સી.મંધાણી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ખેડબ્રહમા.
જજ કોડ જીજે ૦૦૮૨૩